# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૪૨

સૂર્યાસ્ત : ૦૬.૫૫

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** બ્લડ મની : ૧૦.૦૦, પાન સિંઘ તોમર : ૧૨.૧૫
એજન્ટ વિનોદ :૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** કહાની :૧૧.૪૫, બ્લડ મની : ૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫
વર્થ ઓફ ધ ટાઈટન્સ (હિન્દી) : ૩.૪૫, વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૮.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫

**સ્ક્રીન-૩ :** કહાની : ૧૧.૪૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૬.૪૫

**સ્ક્રીન-૪ :** બુમબુ : ૧૦.૦૦, ૧૦.૦૦
એજન્ટ વિનોદ : ૧૦.૦૦, ૫.૧૫, ૮.૩૦
પાન સિંઘ તોમર : ૧૨.૧૫, કહાની : ૩.૦૦, ૭.૪૫ બ્લડ મની : ૫.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) :
૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦,૫.૩૦, ૧૦.૪૫
એજન્ટ વિનોદ : ૭.૪૫

**સ્ક્રીન-૨ :** એજન્ટ વિનોદ :૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** બ્લડ મની :૯.૪૫, ૧૨.૦૦, ૨.૦૦, ૪.૧૫,
૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦

**સ્ક્રીન-૪ :** કહાની :૧૦.૩૦, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૩૦
બુમબુ : ૧.૦૦, ૫.૪૫

### આર વર્લ્ડ

**સ્ક્રીન-૧ :** બ્લડ મની :૧૧.૩૦, ૨.૧૫,૫.૦૦,
૭.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** એજન્ટ વિનોદ : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૧.૧૫, ૫.૪૫, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૪૫, ૩.૪૫,૯.૪૫
ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૩૦, ૩.૩૦,૯.૩૦

### આંબેડકર હોલ

- ભારત મુક્તિ મોર્ચા, ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમનું આયોજન બપોરે ૩.૦૦ કલાકે.

### ધાર્મિક

- સેકટર -૪/બી માં આવેલ સંકટ મોચન હનુમાનદાદા અને શનિદેવ મંદિર ખાતે પુરષોત્મ શ્રીરામ ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવાશે.
- સેકટર -૫/સી માં આવેલ શ્રીખોડીયારમાતાના મંદિરે આઈ શ્રી ખાવડયાનો જન્મદિવસ હોવાથી સાંજે ૭.૦૦ કલાકે મહાઆરતી, પ્રસાદ તથા દેવિયાણ પાઠનું આયોજન કરી માતાજીની જન્મ દિનની ઉજવવામાં આવશે.
- સેકટર -૩૦ના શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિરે શ્રીરામ ભગવાનના જન્મદિન નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે અખંડ ધૂન, ૧૨.૦૦ કલાકે આરતી તથા પ્રસાદ વિતરણ અને બપોરે ૩.૩૦ કલાકે શ્રી સાંઈબાબાની પાલખી યાત્રા.
- સ્વ. શ્રી કાંતિભાઈ યાદવની પૂણ્ય તિથિ નિમિત્તે રામચરિત્ર માનસના ત્રિ-દિવસીય અખંડપાઠનું આયોજન ગાયત્રી મંદિર સેકટર-૧માં સવારે ૮.૦૦ કલાકે અને બપોરે ૩.૦૦ કલાકે.
- રાત્રે ૮.૩૦ કલાકે, સેકટર-૧૬માં આવેલ બ્રહ્મ ભવન, સોમનાથ મંદિર ખાતે કનૈયાલાની વ્યાસપીઠે થી સંગીતમય સુંદરકાંડના પાઠ.
- સેકટર-૨૦માં અક્ષરધામ ખાતે રાત્રે ૭.૪૫ કલાકે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રી સ્વામીનારાયણની જન્મ જયંતિ ઉજવાશે.

## આપની આજ

\- કિશોર ત્રિવેદી

**મેષ** : સ્થાવર મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવે, આરોગ્યમાં સુખાકારી રહે.નાણાંકીય સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**વૃષભ** : કુટુંબીજન સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે, નોકરી -વેપાર ક્ષેત્રે સમય પ્રગતિદાયક. દિન આનંદમાં પસાર થાય.

**મિથુન** : જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી રહે. સમય શુભ.

**કર્ક** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે.ભૌતિક સુખસુવિધામાં વધારો થતો જણાય. નોકરી -વેપાર ક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**સિંહ** : વિદેશ પ્રવાસની શકયતા. રોજગારીની નવી તકો મળી રહે. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. કાર્યક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે.

**કન્યા** : કોર્ટ- કચેરીના, સ્થાવર મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. રાજકીય ક્ષેત્રે પદ -પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સમય સાનુકૂળ.

**તુલા** : સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. કૌટુંબીક વિખવાદોનો અંત આવતો જણાય. આરોગ્ય સુખમય બને.

**વૃશ્ચિક** : જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. સંતાન સંબંધિ પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. આર્થિક સ્થિતિમાં સુધાર આવતો જણાય. સમય શુભ.

**ધન** : ભૌતિક સુખસુવિધામાં વધારો થઈ શકે છે. આકસ્મિક ધન- લાભ થઈ શકે છે. કુટુંબીજન સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**મકર** : આરોગ્યની સુખાકારી જળવાઈ રહે.યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર આવી શકે છે. રોકાયેલા નાણાં તથા કાર્યો પૂર્ણ થઈ શકે છે.

**કુંભ** : લગ્નજીવન સુખમય બની રહે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો આવતો જણાય.

**મીન** : સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. નાણાંકીય સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સમય શુભ

## ચિરવિદાય

- સ્વ. પ્રશાંતકુમાર શાંતિલાલ દવે, (ઉ.વ.૫૨) બ્લોક નં.૪૫૯/૧, જ-ટાઈપ, સેકટર-૬, ગાંધીનગર

# ગાંધીનગર શહેરના પોસ્ટ વિભાગના પડતર પ્રશ્નોની વસાહત મહામંડળ દ્વારા રજૂઆત

*ગાંધીનગર, તા. ૩૧*

ગાંધીનગર શહેરમાં આસપાસના વિસ્તારમાં ટપાલ સેવા વધુ સક્ષમ પ્રજાભીમુખ બને કે માટે દરેક ડાક અદાલતમાં હેતુલક્ષી ચોકકસ રજૂઆતો કરવામાં આવે છે. આ વખતની ડાક અદાલતમાં ડાક અધિક્ષકશ્રી વખારીયા સમક્ષ રજૂઆતો કરવામાં આવેલ છે.

સેકટર-૨૨ની પોસ્ટ ડિલીવરી કેટલાક સમયથી સેકટર-૨૪ પોસ્ટઓફિસ દ્વારા થતી હતી. જેના પરિણામે ટપાલ વહેંચણીનું કામ વિલંબમાં પડતું હતું. અને ટપાલ મોડી વહેંચાતી હતી. જે અંગે મહામંડળના શ્રી સુધીરભાઈ દેસાઈ, ચંદ્રકાંતભાઈ ધનેશ્વર વગેરે છેલ્લા કેટલાક સમયથી રજૂઆતો કરેલી હતી. જેના પરિણામે હવેથી સેકટર-૨૨ની પોસ્ટ સેકટર-૨ની પોસ્ટ ઓફિસ મારફતે થશે. જેથી ટપાલની વહેંચણી ઝડપી બનશે.

સેકટર-૭માં વધારાનું મકાન પોસ્ટ ઓફિસ માટે ફાળવવાની રજૂઆત કરવામાં આવેલ છે. સેકટર-૭ હેઠળ સેકટર-૭, ૨, ૯, તથા ઈન્ફોસિટી આવેલા છે. જેમાં ૪૧૦૦ માસિક આવક યોજના તથા ૬૦૫ ખાતા ધારકો છે. ૨૫ હજારથી વધુ સંખ્યામાં વસાહતીઓ લાભ મેળવે છે.

પરંતુ, હાલમાં પોસ્ટ ઓફિસનું મકાન નાનું પડે છે. તો તે મકાનની બાજુમાં જ સરકારી મકાન ખાલી છે. તે મકાન ફાળવીને મુશ્કેલી દૂર કરવી જોઈએ. જેના સમર્થનમાં વસાહત મહામંડળે પણ લેખિત રજૂઆત કરી છે. સામાહિકો, મેગેઝીનની ડીલવરી અનિયમિત રીતે મોડી થતી હોવાની ફરિયાદ થાય છે. જેની રજૂઆતમાં આ અંગે જરૂરી કાર્યવાહી કરીને મેગેઝીનો ઝડપી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

સીનીયર સીટીઝનોને લાઈનમાં ઉભા રહેવું ન પડે તે માટે દરેક પોસ્ટ ઓફિસમાં સૂચનાઓ આપવામાં આવેલ છે.

પોસ્ટની સ્ટેશનરી છપાયેલ ન હોઈ છાપેલી સ્ટેશનરી આપવાની પણ રજૂઆત કરલ હતી.

સેકટર-૧૯માં વધારાની ટપાલ પેટી મુકવા માટેની કાર્યવાહી કરવા ડાક અધિક્ષક વખારીયાએ જણાવેલ છે.

વસાહત મહામંડળની નિયમિત અને ચોક્કસ પ્રશ્નોની રજૂઆતથી પોસ્ટના અનેક પ્રશ્નોનો ઉકેલાયા છે. તેમ શ્રી અરૂણભાઈ બૂચ, શ્રી સુધીરભાઈ દેસાઈ, શ્રી મયૂરભાઈ વ્યાસે જણાવેલ હતું.

## સેકટર-૨માં આવેલ બાલાહનુમાન ખાતે હનુમાન જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર સેકટર-૨માં આવેલ પ્રસિધ્ધ બાલા હનુમાન મંદિર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૬ એપ્રિલના રોજ હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. બાલા હનુમાન મંદિર તરફથી આ વર્ષે ૫૫૧ લાડુનો ભોગ ધરાવવામાં આવશે અને સાથે બાળકો માટે ચોકલેટ અને કેક પણ વહેંચવામાં આવશે. બાલા હનુમાનજીનું મંદિર ૨૪ કલાક ખુલ્લુ રહે છે. હનુમાન જયંતિના દિવસે ભાવિક ભક્તોને હાજર રહેવા અપીલ કરવામાં આવે છે.

# સનદી અધિકારી પી.બી. પટણી વય નિવૃત્ત થતાં યોજાશે સન્માન સમારોહ અને પુસ્તક તુલા

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના સનદી અધિકારી શ્રી પી.બી. પટણી (આઈ.એ.એસ.) તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ સરકારી સેવામાંથી નિવૃત્ત થઈ રહ્યા છે. ૪૨ વર્ષના જાહેર જીવનમાં શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓ કરનાર શ્રી પી.બી. પટણીનો વયનિવૃત્તિ સન્માન સમારોહ અને પુસ્તક તુલા કાર્યક્રમ તા.૧-૪-૨૦૧૨ રવિવારે સાંજે-૫ કલાકે ઈન્દુલાલ યાજ્ઞિક હોલ, અંબર સિનેમા પાસે, બાપુનગર-૨, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે. રાજ્ય સરકારના વિવિધ ખાતાઓમાં સેવા આપીને છેલ્લે મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરથી નિવૃત્ત થયેલાં શ્રી પી.બી પટણીના આ નિવૃત્તિ સન્માન સમારોહમાં આર્શિવચન આપશે. જગન્નાથ મંદિરના ગાદીપતિ ૧૦૦૮ મહંત શ્રી દિલીપદાસજી મહારાજ. અધ્યક્ષસ્થાને કૃષિ, સહકાર, પશુપાલન અને મત્સ્યોદ્યોગ વિભાગ મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણી, મુખ્ય મહેમાન પદે રાજ્ય મંત્રી શ્રી પુરષોત્તમભાઈ સોલંકી અને પ્રદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે રખિયાલના ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડીયા, સનદી અધિકારીશ્રી ડી.એચ. બ્રહ્મભટ્ટ, માનવ સાધના ટ્રસ્ટના સેક્રેટરી અનારબેન જે. પટેલ ઉપસ્થિત રહેશે. રાજયમાં અને રાજય બહાર કાર્યરત અંદાજીત પચાસ જેટલી સ્વૈચ્છિક, સામાજિક શુભેચ્છક સંસ્થા વતી દેવીપૂજક સમાજ અને ગુજરાત મત્સ્યોદ્યોગ ફેડરશને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

# ‘સરદાર પટેલ ગ્રુપ’ દ્વારા શહીદ દિનની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા. ૩૧

સેકટર-૨૮ની ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કૉલેજમાં ‘સરદાર પટેલ ગ્રુપ’ દ્વારા શહિદ દિન નિમિત્તે શાનદાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સરદાર પટેલ ગ્રુપના પ્રદેશ પ્રમુખ શ્રી, મનિષ સાંઘાણી અને સાથી મિત્રો નિરવ પટેલ, હિરેન પઢારીયા, વિજયસિંહ વાઘેલા, જનક ઠક્કર અને ગુર્જરી પ્રજાપતિ દ્વારા સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા ‘ભગતસિંહ - સદી કા શહિદ’ નામે સુંદર નાટિકા પ્રસ્તુત કરવામાં આવી અને ‘રંગ દે બસંતી’ ગીત પર પલક, તન્વી, હેમલ, કર્નાલીએ ભાવવાહી અદામાં નૃત્યો રજુ કર્યા. જેનાથી સમગ્ર હૉલમાં દેશભક્તિનો માહોલ સર્જાયો. સમગ્ર કાર્યક્રમમાં ધ્યાન ખેંચતી બાબત હતી ‘પિક્ચર ગૅલેરી’ જેમાં વિદ્યાર્થીઓએ આઝાદી સમયનાં સંસ્મરણો રજુ કરતા મિત્રો સ્થળ પર જ બનાવ્યા. ૭૫ જેટલા મિત્રોએ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું.

સરદાર ગ્રુપ દ્વારા આ વર્ષએ સમગ્ર ગુજરાતમાં કુલ ૨૮ સ્થળોએ શહીદ દિન નિમિત્તે આવા કાર્યક્રમોનું આયોજન કરી યુવાનોમાં દેશભક્તિની લહેર ગુંજતી કરી હતી.

## સેકટર-૨નો ચ-માર્ગ અસહ્ય દુર્ગંધગ્રસ્ત

ગાંધીનગર, તા. ૩૧

સેકટર-૨ના ચ-૦ થી ચ-૨ સુધીના વનખાતાની જમીનમાં દબાણો થયેલ છે. જેમાં મજૂરો, ગાડીના વર્કશોપો કરીને દબાણો કરેલ છે. આ જગ્યામાં ગંદકી ખુબ જ થાય છે. વનવિભાગની જગ્યામાં જે મજૂરો રહે છે, તે શૌચક્રિયા તથા ન્હાવા-ધોવાની ક્રિયા કરીને પાણીની ગંદકી કરે છે. વધુમાં આ જગ્યા અસહ્ય વાસ દુર્ગંધ મારવાથી રાહદારીઓને પસાર થવું પણ મુશ્કેલીવાળું બનેલ છે.

## ડ્રાઈવીંગ તાલીમ વર્ગ આઈટીઆઈમાં યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર ખાતે સરકારી મોટર ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કૂલ કાર્યક્રમ હેઠળ તાલીમાર્થીઓને પ્રવેશ મેળવવા માટે જણાવવામાં આવેલ છે.

તાલીમની મુદત એક માસની રહેશે. ધો.૪ પાસ હોવું જરૂરી છે. ૧૮ વર્ષથી વધુ ઉંમરના વિદ્યાર્થીઓએ ફોર્મ ફી રૂા. ૧૦ ભરવાની રહેશે. ટ્યુશન ફી રૂા. ૧૦૦૦ રાખવામાં આવેલ છે. ૧૦ તાલીમાર્થીઓની સંખ્યાથી બેંચની શરૂઆત થશે. પ્રવેશ મેળવનાર ઈચ્છુક ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક સાધવા જણાવવામાં આવેલ છે.

# ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની જૈનસમાજ શાનદાર ઉજવણી કરશે



ગાંધીનગર, તા. ૩૧

જૈન સમાજ, ગાંધીનગર દ્વારા તા.૪ એપ્રિલના રોજ ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી થનાર છે. આ નિમિતે ભવ્ય શોભાયાત્રા સવારે ૭.૪૫ કલાકે સેકટર-૨૧ થી પ્રસ્થાન કરી સેકટર-૨૨માં જૈન દેરાસર આવશે. સેકટર-૨૨ દેરાસરથી ૮-૦૦ કલાકે શોભાયાત્રા પુનઃ પ્રસ્થાન કરી સેકટર-૨૧/૨૨માં ફરશે.

જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરના ઉપક્રમે સુપ્રસિધ્ધ પ્રવચનકાર શ્રી તેજ સાહેબનું ‘પ્રભુ મહાવીર કથા’, ઉલેચે જીવનની વ્યથા ઉપર ટાઉન હોલમાં સવારે ૧૧.૦૦ કલાકે પ્રવચન યોજવામાં આવ્યું છે. પ્રવચન બાદ ૭૨ ઈનામોના લકી ડ્રો નું પણ આયોજમ કરેલ છે.

પ્રવચન બાદ ટાઉનહોલમાં શ્રી સંઘ સ્વામી વાત્સલ્યનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેના પાસ દરેક પરિવારે મેળવી લેવાના રહેશે. આ કાર્યક્રમમાં દરેક જૈન પરિવારે ભાગ લે તેવી મહાવીર જન્મ કલ્યાણક સમિતિએ અપીલ કરી છે.

## સેકટર-૨માં રામનવમી ઉજવાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સેકટર-૨માં આવેલ બાલા હનુમાનજીના મંદિર ખાતે રાધેન્દ્ર સરકારના યજ્ઞથી શરૂઆત કરી બપોરે ૧૨.૦૦ કલાકે રામચંદ્ર ભગવાનના જન્મદિનની ઉજવણી ધામધૂમથી ઉજવવામાં આવશે.

ભાવિક ભક્તોને આ ઉત્સવમાં જોડાઈને ભગવાન શ્રીરામની ભક્તિમાં લીન થવા બાલા હનુમાનજી મંદિર તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# ભગવાન સ્વામીનારાયણનો ૨૩૧મો જન્મોત્સવ ઉનાવામાં ઉજવાશે



ઉનાવા, તા. ૩૧

ઉનાવા ગામે ભગવાન શ્રી સ્વામીનારાયણ ભગવાનનો ૨૩૧મો જન્મોત્સવ તા.૧ એપ્રિલે ચૈત્ર સુદ નોમના દિવસે ધામધૂમથી ઉજવાશે.

શાસ્ત્રી સ્વરૂપ સ્વામી શ્રી ગોપાલ જીવનદાસ પાર્ષદ ગૌતમ ભગત, સમસ્ત યુવક મંડળ તથા સત્સંગ સમાજ ઉનાવા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

રવિવાર સાંજે ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં ૨૩૧ કળશ સાથે ૨૧૩૧ દિવા પ્રગટાવવામાં આવશે. આ પ્રસંગે સત્સંગ સભામાં સંતોના આર્શીવાદ આપવામાં આવશે. અને ભગવાનના જન્મોત્સવની આરતી કરવામાં આવશે. સોમવારે મહા અભિષેક તથા શણગાર આરતી થશે.

## સમસ્ત બ્રહ્મસમાજની આજે સે-૫માં સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૩૧

સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૫ના સભ્યોની તા.૧લી એપ્રિલના રવિવારે સાંજે સેકટર-૫-સીના બગીચામાં સામાન્ય સભા રાખવામાં આવેલ છે. જેમાં સમુહ લગ્ન તથા યજ્ઞોપવિતના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાવા માટેની ચર્ચા-વિચારણા થશે. નવી સમિતિની રચના કરવામાં આવનાર છે. શ્રી બીપીનચંદ્ર જાની મંત્રીશ્રી, સેકટર-૫ સમસ્ત બ્રહ્મસમાજે અખબાર યાદીમાં જણાવેલ છે.

# સિનિયર સીટીઝનોને સમયસર રકમ મળવામાં પોસ્ટ ખાતાની આડોડાઈ

### ચોક્કસ ગણતરી કરીને જરૂરિયાત પ્રમાણેની રકમ રાખવામાં આવતી નથી

ગાંધીનગર, તા. ૩૧

સિનિયર સિટીઝનો માટે પોસ્ટખાતા દ્વારા બચત યોજના બનાવેલ છે. જેનું વ્યાજ દર ત્રણ માસની આખર તારીખે પોસ્ટ ઓફીસ મારફતે ચુકવવામાં આવે છે.

પરંતુ પોસ્ટ ખાતા તરફથી ચોક્કસ ગણતરી કરીનો જરૂરિયાત પ્રમાણેની રકમ રાખવામાં આવતી નથી. આજે આખર તારીખે ગાંધીનગરની મોટા ભાગની પોસ્ટ ઓફીસમાં સિનિયર સિટીઝનોને તેમની રકમ મળી શકી નથી. સોમવારનો વાયદો આપવામાં આવેલ છે. જેમાં સેકટર-૨૨ની પોસ્ટ ઓફીસ ખુલતાં જ જણાવી દીધેલ કે સોમવારે રકમ મળશે. આમ સરકારશ્રીની યોજનાનો ગાંધીનગરના પોસ્ટ ખાતા તરફથી યોગ્ય સંકલન થતું નથી, ને સિનિયર સીટીઝનો પોતાની રકમ મેળવવા માટે અથડાવું પડે છે, તો પોસ્ટખાતું યોગ્ય કરશે એવી લાગણી સિનિયર સિટીઝન્સ તરફથી વ્યક્ત કરવામાં આવી છે.

# પોતાના પુત્રનું જતન કરવામાં યુવાનીનાં મહત્વનાં વર્ષો કુરબાન કરનારી માતા પુત્રવધૂને પોતાની ટેકણ લાકડી બનાવવાની અપેક્ષા રાખે તો એમાં પુત્રવધૂએ અકળામણ અનુભવવાની કોઈ જરૂર ખરી ?

ઉંમરલાયક પુત્રને પરણાવવાની હોંશ કઈ માતાને ન હોય ? બેન્ડવાજાંની કાન ફાડી નાખતી સુરાવલિઓ અને ડીજેના તાલ પર નાચતા દિકરાઓ જોઈ મા હરખઘેલી બની જાય.. બસ, ઘરમાં પુત્રવધુ આવે પછી નિરાંત. પછી તો ચારધામની યાત્રાને દાન-પૂણ્ય કરી આયખું પૂરું કરવું છે. કુદરતે સંપત્તિ આપવામાં ક્યાં પાછું વળીને જોયું છે? દિકરો પણ સદ્‌ગુણોનો ભંડાર છે. એના સંસ્કારમાં ક્યાંય છિદ્ર જોવા ન મળે. યુવક માટે યુવતિ શોધાઈ... અત્યંત વૈભવશાળી ફાઈવ સ્ટાર હોટલમાં યુવતિ સાથે મુલાકાત યોજાઈ. જેને તે પોતાની ભાવિ પત્નિ તરીકે જોતો હતો તે ઋચિકા પણ બહુ મોટી ઈન્વેસ્ટમેન્ટ બ્રોકર હતી. એક કલાકની મીટીંગમાં બંન્નેએ એકમેકને અનેક વિષયના પ્રશ્નો પૂછ્યા એકાએક ઋચિકાએ યુવકને પ્રશ્ન કર્યો જેની યુવકે કદી કલ્પના નહોતી કરી. ઋચિકાએ પૂછ્યું, ‘હાઉ મેની ડસ્ટબીન ડુ યુ હેવ એટ હોમ?’ યુવક મુંઝાયો તે સમજ્યો નહિ. ઘરમાં કેટલી કચરા પેટી છે એવું યુવતિ કેમ પૂછે છે? યુવતી જાણવા માગતી હતી કે ઘરમાં વડીલો એટલે કે સાસુ- સસરા, કાકા-કાકી, કેટલા છે ? ઋચિકાએ જણાવ્યું કે હમણાં સુધી ઘરમાં વડીલો કેટલા છે તે જાણવા માટે ‘ફર્નિચર’ શબ્દ વપરાતો. હવે આજકાલ ડસ્ટબીન શબ્દ વડીલો માટે વપરાય છે. યુવકને સખત ગુસ્સો ચઢ્યો મારા વડીલો માટે આવી અપમાનજનક ભાષા કોઈ કેવી રીતે વાપરી શકે? તે તરત ઉભો થયો. આ કોઈ કપોલ કલ્પિત વાત નથી. અત્યંત મોંઘા શહેરની સાંસ્કૃતિક નગરની આ વાત છે. ક્યારેક વિચાર આવે છે, હાર્ટ એટેક વધ્યો છે તેમાં આવા પ્રસંગો તો કારણભૂત નહિ હોય?

આજનો યક્ષ પ્રશ્ન એ છે કે પરણીને સાસરે જતી પ્રત્યેક કન્યાના દિલો- દિમાગમાં ખાસ કરીને સાસુ પ્રત્યે કેમ આશંકા હોય છે ? પરણીને

## સંબંધ સજાવે જિંદગી

### સાસુની જોડ સખી નહીં જડે રે લોલ

\- પોપટલાલ એસ પ્રજાપતિ

સાસરે જતી વહુને પ્રેમથી અને લાગણીઓથી આવકારતી સાસુમા પ્રત્યે શરૂઆતમાં શંકાની નજરે જોવાય છે. સંબંધોનો પાયો જ તનાવથી શરૂ થાય છે. પ્રત્યેક સાસુને વહુમાં પારકી જણીના દર્શન થાય છે. જેને કારણે તે શરૂઆતથી વહુ પર આધિપત્ય જમાવવાની લાલસા ત્યાગી શકતી નથી. બંને તરફ અવિશ્વાસનું વાતાવરણ સર્જાય છે. તેમાંથી કલહ અને મતભેદના બીજ રોપાય છે. મા પોતાનો દિકરો છીનવાઈ ન જાય તેની સતત ચિંતા કરે છે. અને એક પત્નિ પોતાનો પતિ કહ્યાગરો કંથ બની રહે તેની ફિરાકમાં વ્યસ્ત હોય છે. આમાંથી નજીવી બાબતોને મોટું સ્વરૂપ આપી પોતાનો કક્કો ખરો કરવાની મથામણ ચાલે છે. સાસુ ઈચ્છે છે કે વહુ તેની (પોતાની સાસુની)મર્યાદા જાળવે અને પોતાની સેવા કરે. વહુ ઈચ્છે છે કે પોતાના દામ્પત્યજીવનમાં સાસુ જરાય પણ દખલ ન કરે. અમને પૂરી સ્વતંત્રતા આપે. બંને જૂની વિચારસરણી અને નવી વિચારસરણી છોડવા તૈયાર નથી. એમાંથી થાય મન-દુખ, મતભેદ અને પછી મનભેદ. શું સાસુ ખેરખર કજિયાખોર હોય છે? સદીઓથી વગોવાયેલું આ પાત્ર સાચે જ ડંખીલું અને લાગણીહીન પાત્ર છે ? માતાનો પડ્યો બોલ ઝીલનાર પુત્ર પત્નિના આગમન પછી બદલાઈ જાય છે. તેવુ માતાને કેમ લાગે છે ? ૨૫ વર્ષ સુધી અરમાનોનું સિંચન કરી લાગણીના અવિરત પ્રવાહની વચ્ચે પુત્રના રખોયા કરનાર માતા પોતાની પુત્રવધૂ પાસે કંઈક અપેક્ષા રાખે તો એમાં ખોટું શું છે? પોતાના પુત્રનું જતન કરવામાં યુવાનીના મહત્વના વર્ષો કુરબાન કરનારી માતા પુત્રવધૂને પોતાની ટેકણ લાકડી બનાવવાની અપેક્ષા રાખે તો એમાં પુત્રવધૂએ અકળામણ અનુભવવાની કોઈ જરૂર ખરી? દરેક વહુ ફકત એટલું માને કે જે પતિ પર તેને અપાર પ્રેમ છે એને એવો સદ્‌ગુણી બનાવવામાં અને પ્રેમના સંસ્કારો આપનાર સાસુ જ છે. સાસુએ તેના ઘડતરમાં કાળજી રાખી ન હોત તો કદાચ વહુએ તેને પસંદ કર્યો ન હોત. હા ક્યારેક સાસુ વહુના ઝઘડામાં પતિ સેન્ડવીચ બની જાય છે. તે નથી મા ની મમતાને પુરસ્કૃત કરી શકતો કે નથી પત્નીના પ્રેમનો અનાદર કરી શકતો. કોઈ એક તરફનો પક્ષપાત કાંતો એને ‘વહુઘેલો’ કાંતો ‘માવડિયો’ સાબિત કરે છે. નવા જમાનાની પ્રત્યેક વહુ સાસુમાં પોતાની માતાના સ્વરૂપને નિહાળવા પ્રયત્ન કરે તો હૃદયમાં અભાવના બદલે ભાવના શબ્દો પ્રગટ થશે. ફકત દૃષ્ટિ બદલાતા જગત બદલાશે. દરેક કૌટુંબિક ઝઘડામાં સાસુ-વહુના ઝઘડા કેન્દ્રસ્થાને હોય છે. ક્યારેય સસરા વહુ પ્રત્યે કે દીયર- ભાભી વચ્ચે તકરાર હોતી નથી. આજની પ્રત્યેક વહુ આવતીકાલની સાસુ છે તે વખતે તે વહુ પાસેથી કેવી અપેક્ષા રાખે છે તેનો ખ્યાલ કરી વર્તમાનમાં જીવતાં શીખે તો તેના ભવિષ્યકાળ ઉજળો બને છે.

સાસુ એટલે અનુભવનું ભાથું, જમાનાની ચડતી- પડતીની પ્રત્યેની સાક્ષી. ઘરમાં એક બે બાળકો હોય અને સાસુ ન હોય તો બાળ ઉછેરમાં પડતી મુશ્કેલીઓ જેણે અનુભવી હોય તે જ જાણે. વર્તમાન વહુઓ પાસેથી એટલી અપેક્ષા તો રખાય જ કે સાસુ પ્રત્યે પૂર્વગ્રહ રાખીને વર્તાવ કર્યા વગર એની માનસિકતા અને લાગણીઓની કદર કરવામાં આવે તો સાસુ ‘મા’ થી જરાય ઉતરતી નથી. સાસુઓની પણ એટલી જ ફરજ થઈ પડે કે ભૂતકાળમાં અમે આટલા દુખ વેઠ્યા એને વાગોળ્યા ન કરે. અને સમયને અનુરૂપ બીજાના સ્વભાવને અને વિચારોને અનુકૂળ થવા પ્રયત્ન કરે તો ઘરમાં સ્વર્ગ ઉતરે. સમાજે સદીઓથી સાસુની એક નિશ્ચિત વ્યાખ્યા કરી નાખી છે. એટલે આ પાત્ર વગોવાયા કરે છે. બાકી સંયુક્ત પરિવારમાંથી માત્ર સાસુની બાદબાકી કરી નાખો તો વહુઓ અટવાયા કરશે. માટે જ ‘સાસુની જોડ સખી નહિ જડે રે લોલ’ એમ કહેવું સર્વથા ઉચિત ગણાશે.

# સેકટર-૨માં મુશ્કેલીઓની પરંપરા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર સેકટર-૨માં અત્યારે હાલ રોડ રિનોવેટ કરવાનું કામ ચાલુ છે, તો સેકટરના રીંગરોડ પર બાઈક ચાલકો અને કાર પૂર ઝડપે હંકારે છે. તો રહિશોની એવી માંગણી છે કે જો રોડ રિનોવેટનું કામ ચાલુ છે, તો બમ્પ પણ બની જાય. જો તંત્ર દ્વારા કોઈ ચોક્કસ પગલાં ભરવામાં આવે તો રહીશોની માંગણી પૂરી થાય. સરકારી દવાખાના પાસે એટલી બધી દુર્ગંધ મારે છે કે આજુબાજુના રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે તે લોકોનું કહેવું છે કે, શોપિંગ સેન્ટરવાળા અને ત્યાં ઊભા રહેતા લારી-ગલ્લાવાળા શૌચક્રિયા કરીને જાણે શૌચાલય બનાવી દીધું છે. માટે શોપિંગ સેન્ટરની આજુબાજુ કોઈ જગ્યાએ શૌચાલય બને તેની રાહ જોઈને રહીશો બેઠા છે.

## સેકટર-૩-એ ખાતે નિ:શુલ્ક ધ્યાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

હિમાલયના પરમ સિધ્ધયોગી પૂજ્ય સદ્‌ગુરૂ શ્રી શિવકૃપાનંદ સ્વામી દ્વારા પ્રેરીત સમર્પણ ધ્યાન શિબિરનું આયોજન સેકટર- ૩-એ અંબાજી મંદિર ખાતે તા. ૩૦મી માર્ચથી ૬ એપ્રિલ સુધી સાંજે ૭.૩૦ થી ૯.૩૦ કલાકે દરમ્યાન યોજાશે. શિબિર માટે કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી. શિબિરમાં જોડાવા માટે ફોન ૯૪૨૭૮ ૦૦૮૫૩ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.